# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ — સદ્દવિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૨૬ • ૧૫ જુલાઈ ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શાળાઓમાં અભ્યાસ કરતાં ૧૫૦૦ જરૂરિયાતમંદ બાળકોને સ્કૂલ કીટ વિતરણ




શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડળધામના અધ્યક્ષ શ્રી જ્ઞાનજીવનદાસજી મહારાજ દ્વારા સાગર મહોત્સવ પ્રસંગે ભારત સરકારના માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે શિશુવિહાર સંસ્થાનું રૂ.૬,૫૧,૦૦૧/- તેમજ પ્રશસ્તિપત્રથી સન્માન કરવામાં આવેલ. ફેબ્રુઆરી ૨૦૨૨માં કુંડળધામ મંદિરમાં યોજાયેલ અભિવાદનની રકમમાંથી શિશુવિહાર સંસ્થાએ સતત ૧૧મા શિક્ષણ અને સેવા પ્રવૃત્તિને ગરીબ બાળકો સુધી વિસ્તારી છે.

આ સહાયમાંથી શિક્ષકોના સામાજિક ઉત્તરદાયિત્વ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ તબક્કે શાળાનાં શિક્ષકો દ્વારા પસંદ થયેલ જરૂરિયાતમંદ ૧૫૦૦ બાળકોને સ્કૂલ બેગ પાંચ-પાંચ નોટબુક, કંપાસ સેટ, વૉટર બોટલ અને શુઝ વિતરણ કરવામાં આવ્યાં છે.

શિક્ષણની મુખ્યધારામાંથી ગરીબ વિદ્યાર્થી વંચિત ન રહી જાય તે માટેના પ્રયાસ રૂપે વર્ષ દરમિયાન શિક્ષકો પણ પસંદ કરેલ બે બાળકોની કાળજી લેતા હોય છે. તેના વાલી સાથે સંપર્કમાં રહે છે. નગર શિક્ષણ સમિતિ ભાવનગર સંચાલિત શાળાઓના શિક્ષકોની પહેલથી વર્ષ ૨૦૧૨થી યોજાતી આ પ્રવૃત્તિ થકી ૧૮૦૦૦ વિદ્યાર્થીઓની કાળજી લેવાઈ છે, જે સમગ્ર ગુજરાતમાં અનુકરણીય બની છે.

ભાવનગરનું શિક્ષણ જગત ગૌરવ લઈ શકે તેવી ઘટના સાથે જોડાયેલ નગરપાલિકાના શિક્ષકોને પ્રબોધન કરવા માટે પણ પ્રતિ વર્ષ એક કાર્યક્રમ યોજવાનો ઉપક્રમ રહે છે, જે વર્ષ ૨૦૨૨માં પણ થનાર છે.

## સંસ્થા કાર્યકરોની કૌશલ્યવર્ધન તાલીમ




શિશુવિહાર સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓના વાર્ષિક આયોજન અને તે આયોજનનાં મંથલી પ્લાનિંગની બેઠકોના માર્ગદર્શક પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદી દ્વારા તારીખ ૨૧-૨૨ જૂન દરમિયાન કાર્યકરો માટે ક્ષમતાવર્ધન તાલીમ યોજાઈ. ૧૨ કલાકની મોટીવેશનલ તાલીમ દરમિયાન તમામ વિભાગીય મુખ્ય કાર્યકરોને જૂથ કાર્ય, રમતો અને સ્વ-નિરીક્ષણ પદ્ધતિઓના ઉપયોગ થકી સંસ્થાકીય હેતુ સાથે પોતાના વિભાગનું કાર્ય આયોજન અને લક્ષાંક સિદ્ધિ માટેની અસરકારી તકનિકથી વાકેફ કરવામાં આવેલ. બે દિવસીય તાલીમનાં સમાપન સમયે કાર્યકરોએ અહેવાલ આલેખન સાથે સંચાર માધ્યમોની આવશ્યકતા ઉપર વિશેષ જાણકારી મેળવી હતી.


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

પ્રકાશન સ્થળ

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850



આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે, શ્રી હરેશભાઈ અને ડૉ. નાનકભાઈ ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં સંસ્થાના આજીવન કાર્યકર શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટનો ૮૪મા જન્મદિવસ માટેની શુભેચ્છા વ્યક્ત કરાઈ હતી.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• શ્રી કુશલભાઈ દીક્ષિતના સંકલન હેઠળ ૪ જૂને વાનાણી ભવનમાં પરંપરાગત શાસ્ત્રીય સંગીત કાર્યક્રમ યોજાઈ ગયો. મહા ગુજરાત ગાંધર્વ સંગીત સમિતિ સુરત દ્વારા શનિવારે રાત્રે ૮ કલાકે યોજાયેલ સંગીત સમારોહમાં સંગીત કલા સમર્પિત કલાગુરુઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું, જેને માણવા માટે ૩૦૦થી વધુ શ્રોતાઓને આમંત્રિત કરાયા હતા.




• અનંત મ્યુઝિક ગ્રુપ દ્વારા ૫ જૂને 'એક શ્યામ સંગીત કે નામ' કાર્યક્રમ યોજાયો. ૧૯૯૦ના દસકાનાં ઉત્તમ હિંદી ફિલ્મ ગીતોને માણવા માટે ૩૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.



• સૌરાષ્ટ પંથકના પ્રસિદ્ધ ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી જીવણભાઈ હકાણી સાથે એક બેઠક ૮ જૂને યોજવામાં આવી. હનુમાનજી ટ્રસ્ટની અનેકવિધ સેવામાં દામનગર વિસ્તારની આંગણવાડીની તાલીમ યોજવા મંદિર પરિસર સક્રીય રહી શકે તે માટેની શિશુવિહાર



સંસ્થાના કોર ટીમના સભ્યશ્રીઓ સાથેની ચર્ચામાં સ્થાનિક પત્રકાર શ્રી નટવરભાઈ ભાતિયા પણ સામેલ થયા હતા તથા મંદિર પરિસરથી શિક્ષણ કાર્ય વિસ્તારવા આયોજન કરવા વિચારાયું હતું.




• વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા યોજાયેલ સંવાદયાત્રા કાર્યક્રમમાં સંસ્થાનાં કાર્યકરશ્રી હીનાબહેન, અંકિતાબહેન તથા પ્રીતિબહેન ઉપસ્થિત રહ્યાં હતાં. ૮-૯ જૂને બગસરામાં યોજાયેલ કાર્યક્રમ તાલીમમાં શિશુવિહારની કાર્ય પદ્ધતિના અનુભવોની આપ-લે થઈ હતી.

• પેઈન્ટર સંગમ સંગીત જૂથ દ્વારા ૧૨ જૂને સંગીત સંધ્યા યોજાઈ ગઈ. શ્રી હરેશભાઈ જાનીનાં સંકલન હેઠળ યોજાયેલ જૂનાં હિન્દી ફિલ્મોનાં ગીતો માણવા માટે ૨૫૦ શ્રોતાઓ પધાર્યા હતા.






• ભાવનગરની શિશુવિહાર સંસ્થામાં છેલ્લાં ૮૩ વર્ષથી પ્રત્યેક વડસાવિત્રી પૂનમે વડ પૂજન થાય છે. જોષી પરિવાર છેલ્લી ચાર પેઢીથી પૂજનના દિવસે વૃક્ષ સેવાર્થે આવે છે. સ્ત્રીઓ પારિવારિક જીવનનનાં સંરક્ષણ સાથે પર્યાવરણને સમૃદ્ધ રાખતા વડલાની છાયામાં વિકસતા જૈવિક વિજ્ઞાનને આડકતરી રીતે સમજવાનો પ્રયત્ન પણ કરે છે. ભારતીય સંસ્કૃતિની પરંપરામાં વણી લેવાયેલા પ્રાકૃતિક જીવનને સંરક્ષિત રાખતા રીતરિવાજોને આગળ ધપાવતાં ૧૪ જૂને શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલા વડપૂજનમાં ૬૨થી વધુ બહેનો આવી હતી.




• ગુજરાતનાં વિવિધ જિલ્લાઓમાં ૧૨૦૦થી વધુ જાગ્રત શિક્ષકોનાં જૂથ ‘આનંદાલય’ બુધસભાના ઉપક્રમે ૧૫ જૂને રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ સુધી યોજાયેલ વર્ચ્યુઅલ સભામાં સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે સ્વાયત્ત શિક્ષણની સામાજિક અસર વિષયે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા, તેમજ શિશુવિહારની અવૈધિક તાલીમનાં અનુભવો પ્રશ્નોત્તરી દરમિયાન જણાવ્યા હતા. માનવ જીવન માટે શીખવાની સ્વતંત્રતા અગત્યની બને છે, પરંતુ વ્યકિતના સામાજિકરણની પદ્ધતિ અને અસર પણ અગત્યની બને છે, જે શિશુવિહારનાં ૮૩ વર્ષના પરિણામ થકી જોવા મળે છે, તે વાત શ્રોતા શિક્ષકોને સ્પર્શી ગઈ હતી.




• સૂર સંગમ સંસ્થાની ૫૯મી સંગીત સંધ્યા ૧૯ જૂને રંગમંચ પ્રસ્તુતિ પામી. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંયોજન સાથે કલાકાર પ્રસ્તુતિને માણવા માટે ૩૦૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.

• ધોરણ ૧૦-૧૨ પછીની કારકિર્દી માટેની માર્ગદર્શન શિબિર ૨૧ જૂને બુધસભા હૉલમાં યોજાઈ. શ્રી અબ્બાસભાઈ મેઘાણી દ્વારા ૧૨૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન સાથે જીવનમાં કંઈ વિશેષ પ્રદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ. વિદ્યાર્થીઓ માટે ચા-નાસ્તાની સુવિધા સાથે Air conditioned હૉલમાં રખાયેલ માર્ગદર્શન શિબિરમાં શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો







• ભાવનગર શૈક્ષણિક અને સામાજિક વિકાસમાં અનન્ય યોગદાન આપનાર શ્રી કાંતિસેન શ્રોફના શતાબ્દી વર્ષ પ્રસંગે તા.૨૨ જૂને ઍક્સેલ ઈન્ડસ્ટ્રિઝના પૂર્વ કર્મચારીઓ શિશુવિહાર સંસ્થામાં એકત્રિત થયા હતા. ઉદ્યોગના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અને શિશુવિહાર સંસ્થાના ટ્રસ્ટી શ્રી દીપેશભાઈ શ્રોફની અધ્યક્ષતામાં મળેલ એક્સ લાઈટ સંમેલનમાં પૂર્વ સાંસદ શ્રી રાજુભાઈ રાણા તેમજ ઈજનેરો અને વિષય નિષ્ણાતોએ ભાવનગરના વિકાસ માટે પોતાની કટિબદ્ધતા દર્શાવી હતી. આ પ્રસંગે શ્રી કાંતિભાઈ શ્રોફ દ્વારા પ્રોત્સાહિત ‘પ્રાથમિક સારવાર અને આપત્તિ નિવારણ’ની ઉમદા પ્રવૃત્તિ, ભાવનગરની શાળાઓના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની જવાબદારી લેનાર શિશુવિહાર સંસ્થા માટે સહુએ આદર વ્યક્ત કર્યો હતો. એગ્રોસેલ ઈન્ડસ્ટ્રિઝના કન્સલ્ટન્ટ શ્રી રોબર્ટ ફર્નાન્ડીસ સંકલનથી મળેલ ૭૫ કાર્યકરોની બેઠક ભોજન બાદ સંપન્ન થઈ હતી.

• ગુજરાતના જાણીતા પાર્શ્વગાયક શ્રી કેતનભાઈ આવસત્થી પરિકલ્પના આધારિત ૧૩૦ મો સંગીત કાર્યક્રમ ‘યાદ કિયા દિલને’ ૨૬ જૂને સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ પ્રસંગે મહેમાન કલાકાર પ્રકાશભાઈ ફગનમલ કેસિયો સાથે પોતાની કલા રજૂ કરી હતી. વરસાદી સંધ્યા મહોલ સાથે કાર્યક્રમને માણવા ૩૫૦થી વધુ સંગીત શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.



• એગ્રોસેલ ઈન્ડસ્ટ્રિઝની CSR એક્ટિવીટી તરીકે ઘોઘા અને ભાલ વિસ્તારના ૧૨ ગામડાંઓની શાળાના આચાર્યશ્રીઓની બેઠક સંસ્થા પ્રાંગણમાં મળી હતી. ઘોઘા વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો આરોગ્ય તેમજ વાંચન આદતના વિસ્તાર માટેની ૨૮ જૂનની બેઠકમાં ઉપસ્થિત તમામ શિક્ષકોએ પોતાની શાળામાં આરોગ્ય શિબિર યોજવાનું આયોજન કર્યુ હતું. રાત્રિ ભોજન બાદ કાર્યક્રમ સંપન્ન થયો હતો.




• ગુજરાતના ‘કર્મયોગી સન્માન સમિતિ’ દ્વારા તારીખ ૨૮ જૂને ઈસ્કોન કલબમાં યોજાયેલ કાર્યક્રમમાં શિશુવિહાર સંસ્થાના કર્મઠ સેવક શ્રી હરીશભાઈ માનભાઈ ભટ્ટના સેવાકાર્યની વિગતો પુસ્તિકારૂપે પ્રકાશિત કરવામાં આવી. ગોસ્વામી પૂ.આનંદબાવાશ્રી સાંસદ ડૉ. ભારતીબહેન શિયાળ, મેયર શ્રી ચિંતક લેખક શ્રી જય વસાવડા અને અગ્રગણ્ય નાગરિકોની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમ સાથે શિશુવિહારના સેવાકર્મીનું અભિવાદન પ્રશંસનીય રહ્યું.

## બાળ શિક્ષણ



### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:



મોતીની માળા બનાવતાં બાળકો

જૂન માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સંખ્યા ૫૦ રહી હતી. માસ દરમિયાન બાળકોને ક્રીડાંગણ, અંગ સ્વચ્છતા, હળવી રમત, તથા રમકડાં બતાવવામાં આવેલ.

જૂન માસમાં વિવિધ ઝાડ-પાનનું પ્રદર્શન યોજવામાં આવેલ.

દાતા શ્રી જીતેન્દ્રભાઈ ઝાટકિયા, શ્રી દેવીન્દ્રાબહેન શાહ, શ્રી ચંદ્રેશભાઈ બદિયાણી, શ્રી જયંતભાઈ ભટ્ટ, સુનિલભાઈ વડોદરિયા, અશોકભાઈ વાસા અને પ્રવીણભાઈ બુચ દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ, ઉપરાંત ૧૩ દાતાઓ દ્વારા નાસ્તો અપાયો. માસ દરમિયાન પાંચ બાળકોનાં જન્મદિવસની ઉજવણી થઈ હતી.

સંચાલક: શ્રી અંકિતાબહેન ભટ્ટ, ઉષાબહેન રાઠોડ

## આરોગ્ય

### ૪૪૦ તથા ૪૪૧મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:




શ્રી બાબુલભાઈ પ્રિયવદન વ્હોરાના સૌજન્યથી સ્વ.જ્યોતિબહેન નલીનકાંત ઓઝાની સ્મૃતિમાં શિશુવિહાર સંસ્થામાં ૪૪૦મો નેત્રયજ્ઞ તેમજ શ્રી હસમુખભાઈ ડી. સરવૈયાના સૌજન્યથી ૪૪૧મો નેત્રયજ્ઞ તારીખ ૨૪ જૂને શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૩૧ દરદીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. મહાજન સાહેબની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં ‘ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા’ ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૩૦ દરદીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

‘દરદી દેવો ભવ:’ની ભાવનાથી વર્ષ ૧૯૯૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

## દરિયાકાંઠાના ગામડાંઓમાં આરોગ્ય શિબિર




નિરમા ઉદ્યોગનાં સહયોગથી તારીખ ૧૬ જૂને ભાલ કાંઠાનાં ગામ વેળાવદરમાં તથા તારીખ ૨૫ જૂને ગામ જશવંતપુરમાં આરોગ્ય તપાસ શિબિર યોજવામાં આવી. બંને શિબિરમાં ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી તથા સહયોગી શ્રી નિર્મોહીબહેન ભટ્ટ અને પ્રીતિબહેન ભટ્ટ દ્વારા ૨૧૦ દરદીઓની આરોગ્ય તપાસ તથા જરૂરિયાત અનુસાર દવાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત બંને ગામોની પ્રાથમિક શાળાનાં ૧૦૦ બાળકોના લોહીમાં હીમોગ્લોબિન તપાસ શ્રી રેખાબહેન ભટ્ટે કરી હતી અને જરૂરિયાત અનુસાર વિદ્યાર્થીઓને આયર્ન ટેબલેટ આપવામાં આવી હતી. બંને શિબિરો દરમિયાન ૨૨૨ દરદીઓની આંખ તપાસ તેમજ જરૂરિયાત અનુસાર તમામને ચશ્માં વિતરણ કરવામાં આવ્યું હતું.

નિરમા ઉદ્યોગની CSR પ્રવૃત્તિ તરીકે સતત ૯મા વરસે શિશુવિહાર સંસ્થા દ્વારા ચાલતી આરોગ્ય સેવા થકી વર્ષ ૨૦૨૨મા ૯મી શિબિર યોજાઈ, જેમાં વાઘ-બકરી ટી પ્રોસેસિંગ યુનિટ દ્વારા મળેલ ઍમ્બ્યુલન્સ વૅનનો વિશેષ ઉપયોગ સુવિધાપૂર્ણ રહ્યો હતો. આ પ્રસંગે શિશુવિહાર દ્વારા શાળા પુસ્તકાલય અંતર્ગત બંને ગામોની પ્રાથમિક શાળાઓના આચાર્યશ્રીઓને ૭૫ પુસ્તકો સુપ્રત કરવામાં આવ્યા હતા.

નિરમા ઉદ્યોગ સાથે સંકળાયેલ શ્રી કલ્પેશભાઈ પટેલ, શ્રી મેહુલભાઈ ભટ્ટ તેમજ ગ્રામ સરપંચ શ્રી મૂકેશભાઈ અને વલ્લભભાઈ ચુડાસમાનો સહકાર નોંધનીય રહ્યો હતો.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા



### વયસ્કો માટે ૩૨૯મી દૃષ્ટિચકાસણી શિબિર:




સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી શિશુવિહાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં ક્રમાક ૩૨૯ અન્વયે જૂન માસમાં ૩ રવિવાર દરમિયાન ૮૬ વયસ્કોને આંખ તપાસ બાદ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

### ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ભાવિકાબહેન હરિયાણી તથા ડૉ. શ્રદ્ધાબહેન ધામેલિયાનાં કન્સલ્ટેશન હેઠળ જૂન માસમાં ૩૦૨ દરદીઓએ સારવાર લીધી હતી. તેમજ ફિટનેસ સેન્ટરમાં ૭ ભાઈઓ આવ્યા હતા.

સંચાલક: શ્રી અવનિબહેન બોરીચા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

જૂન માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપેથીની સારવારનો લાભ ૬૫૬ દરદીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

જૂન માસ દરમિયાન નિયમિત તાલીમાર્થીઓની સંખ્યા ૪૫ રહી હતી. માસ દરમિયાન રન સ્ટૉપ, રીલે-રેસ, ઈટ્ટી-કીત્તી પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાંય પ્રાર્થના સમયે વિરેનભાઈ, હર્ષભાઈ, વૈભવભાઈ, યશભાઈનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં પ્રસાદ-સ્મૃતિભેટ સાથે ઉજવાયો. તેમજ કાર્યકર શ્રી અનિલભાઈ જોશી અને કમલેશભાઈ વેગડનો જન્મદિવસ ઉજવાયો.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી શબનમબહેન કપાસીનાં જન્મદિવસ નિમિત્તે સ્કાઉટના બાળકોને ૧૦ બુક આપવામાં આવેલ. શ્રી ઈન્દુબહેન ત્રિવેદી હસ્તે ગીતાબહેન જોશી, શ્રી અમૃતલાલ માધવજી વડેરા તેમજ સંસ્થાના કાર્યકર



શ્રી અનિલભાઈ જોશી અને કમલેશભાઈ વેગડ તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ.

૧ જૂનથી ૬ માસ માટે વિદ્યાર્થીઓ માટે જીવન શિક્ષણની તાલીમ શરૂ કરવામાં આવેલ છે. શ્રી હરેશભાઈ ભટ્ટ દ્વારા અપાતી સ્કાઉટ તથા ડિઝાસ્ટર તાલીમ, કમલેશભાઈ વેગડ દ્વારા અપાતી મેદાની રમતોની તાલીમ, શ્રી પ્રીતિબહેન અને નિર્મોહીબહેન ભટ્ટ દ્વારા અપાતી ક્રાફ્ટ અને પુસ્તકલક્ષી સંસ્કારવર્ધક તાલીમમાં પોતાના બાળકોને સાંજનાં ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન મોકલવા અને બે કલાકની ઘનિષ્ટ તાલીમથી નવી પેઢીને જોડવા વાલીઓને નિમંત્રણ છે.

સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ

## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:



જૂન માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૭ રહી હતી. તા.૩૦ જૂને બહેનોએ ફેશન ડિઝાઈનિંગ માટે કે.આર.દોશી કૉલેજની મુલાકાત લીધેલ.

સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

### વિજ્ઞાનવિહાર:



એક્સેલ ક્રોપ કેર પ્રેરિત પ્લેનેટોરિયમ તથા વિજ્ઞાનવિહારમાં સાંઈ ગ્રુપ ટ્યુશનના ૪૦ બાળકો તથા ૪ શિક્ષકોએ નિયત શૉમાં બેસી તારાદર્શન કરેલ. શાળાઓના બાળકો માટે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજે ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન યોજાતા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને મોકલવા આચાર્યશ્રીઓ તથા વાલીઓને નિમંત્રણ છે.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા



સ્વસ્થ જીવન માટે યોગ એ સર્વોત્તમ ભારતીય ઈલાજ છે. ભારતીય દર્શન હવે સમગ્ર વિશ્વમાં અનુકરણીય બની રહ્યું છે. તે સાથે શ્રી આરતીબહેન ઉપાધ્યાય દ્વારા બહેનો માટેનાં યોગાસન વર્ગમાં પાંચ બહેનો તાલીમ લઈ રહ્યાં છે.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:




બાળકો તેનાં શરીરની ઈન્દ્રિયોનાં વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ



તાલીમ સાથે જોડવામાં આવે છે. જૂન માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૩૭ થી ૧૪૦માં લીંબુ શરબત, ચા-કૉફી, વેજીટેબલ સેન્ડવીચ, રોટલીમાંથી ખાખરા બનાવવાની તાલીમ આપવામાં આવી. જેમાં ૧૭૫ બાળકોએ ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ એન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૯૩૦ નાગરિકોએ લીધેલો.

- સંચાલક: શ્રી પોપટભાઈ વેગડ

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. જૂન માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. જૂન માસ દરમિયાન ૩ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૧૦ જૂને યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમજ જુલાઈ માસના સંસ્થાગત કાર્યો અંગે સંવાહકો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

## માંદગી સાધનસહાય:

માંદગીવશ ટૂંકા સમય માટે દરદીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૧૫ થી ૩૧ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. જૂન માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૮ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી વંદનાબહેન પંડયા તરફથી કમોડ ખુરશી અને બેડપેન ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીઓનો આભાર માને છે.

સંચાલક: શ્રી અનિલભાઈ જોશી

## બાલદેવ વન:

જૂન માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૫૦ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. જૂન માસ દરમિયાન શ્રી સાંઈ ગ્રુપ ટયુશન કલાસના ૪૦ બાળકો તથા ૪ શિક્ષકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

# સંસ્કાર સાહિત્ય પ્રકાશન

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

જૂન માસમાં ૮ વાચક સભ્યોએ ૧૬ પુસ્તકો વાચ્યાં હતાં. **સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

'કસ્તુરી (આત્મચક્ષુ)'પુસ્તક-૨ (શ્રી દિલીપભાઈ પારેખ), કલા 'ઐશ્વર્ય' પુસ્તક-બે (રમણિકભાઈ ઝાપડિયા)






વર્ષ ૧૯૫૩-૫૪માં ભારત સેવક સમાજની રૂ.૧૨૦૦ની આર્થિક સહાયમાંથી શરૂ થયેલ શ્રી ગોખલે જ્ઞાન મંદિર શિશુવિહાર પુસ્તકાલય આજે પણ બાળ વાચકો માટે સક્રીય રહ્યું છે.

જીવન શિક્ષણનાં ભાગ રૂપે પુસ્તકાલય પ્રવૃત્તિ સાથે જોડાયેલ ૪૫ તાલીમાર્થીઓને ૨૨ જૂનથી ત્રણ દિવસ માટે શ્રી નિર્મોહીબહેન ભટ્ટ દ્વારા પાઠયપુસ્તક વાંચન, નિબંધ વાંચન, મુહાવરા આલેખન, બાળવાર્તા વાંચનની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક :શ્રી દીપાબહેન જોષી

## બુધસભા:

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૧૮૪મી બેઠક ૧ જૂને યોજાઈ હતી. શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદી દ્વારા સંચાલિત બેઠકમાં 'કાવ્ય આસ્વાદ' ઉપક્રમ અંતર્ગત શ્રી ભરતભાઈ વાઘેલા દ્વારા મકરંદ દવેના કાવ્યોનો રસાસ્વાદ રજૂ કરાયો. 'અવસર અભિવ્યકિત' અંતર્ગત શ્રી હર્ષાબહેન ચૌહાણ દ્વારા કાવ્ય બેઠક પ્રસ્તુતિ થઈ. માસના ત્રીજા બુધવારે મહેમાન કવિ વકતવ્ય ઉપક્રમ યોજાયો. વાર્તાકાર ડૉ. વિરેનકુમાર પંડયા દ્વારા ગદ્ય, પદ્ય રચનાઓ રસાસ્વાદ પ્રસ્તુત થયો હતો. આ પ્રસંગે ડૉક્ટર પંડયાનું અભિવાદન કરવામાં આવ્યું. સભાનું સંકલન સંચાલન શ્રી જયેશભાઈ ભટ્ટ દ્વારા થયું. જૂન માસની ચોથી બેઠકમાં શ્રી ઉદયભાઈ મારૂ દ્વારા કવિ શ્રી ઋષભ મહેતાની કૃતિઓનો રસાસ્વાદ થયો.

માસના અંતિમ અને પાંચમાં બુધવારે ૨૧૮૮મી બેઠકમાં મુશાયરો યોજાયો. સંચાલન ડૉ. નટુભાઈ પંડયા દ્વારા થયું. આ ઉપક્રમે ડૉ. જીતુભાઈ વાઢેર, શ્રી વર્ષાબહેન જાની, શ્રી મોનાબહેન મહેતા, શ્રી કૃપાબહેન ઓઝા, શ્રી સુનિલભાઈ પરમાર, શ્રી પ્રવીણભાઈ પોંદા, શ્રી બિપીનભાઈ બોરીચા, શ્રી સુરેશભાઈ ચાંચિયા, શ્રી નિલેશભાઈ દવે દ્વારા રચના પ્રસ્તુત થઈ. માસના પાંચેય બુધવાર મળીને કુલ ૮૯ રચનાઓ તેમજ ૧૦૭ કવિઓની હાજરી રહી હતી. કવિ-કવયિત્રીઓની સ્વરચનાઓ, આસ્વાદ, મુશાયરા સાહિત્યિક આયોજન પ્રસ્તુતિ મહેમાન મહાનુભાવોનું અભિવાદન સાથે વરિષ્ઠ વડીલોની હાજરીમાં બુધસભા રસ પ્રચુર રહી હતી.

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા

## પ્રચાર-પ્રસાર



### જૂન માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી પ્રફુલ્લભાઈ કાંતિલાલ શાહ (મુંબઈ)

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ૨૦૭ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૧૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

જૂન માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૧૧૩૧ અને ઈન્સ્ટાગ્રામમનાં followersની સંખ્યા ૪૪૦ રહી હતી.


સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

### સાભાર સ્વીકાર



• શ્રી ઉષાબહેન ચંદ્રવદનભાઈ શાહ દ્વારા શિશુવિહાર સંસ્થા બાલમંદિરમાં આવતા બાળકો તથા ફિઝિયોથેરાપીમાં આવતા દરદીઓ માટે ઠંડા પાણીની વ્યવસ્થા માટે વૉટર ફિલ્ટર ને વૉટર કુલરની સુવિધા મળી છે. તેમજ શ્રી જયશ્રીબહેન વડેરા પરિવાર દ્વારા શિશુવિહારમાં યોજાતા નેત્રયજ્ઞનાં દરદીઓ માટે ભોજનાલયમાં વૉટર કુલર અને વૉટર ફિલ્ટરની સુવિધા મળી છે.

• શિશુવિહારનાં ટ્રસ્ટી શ્રી શબનમબહેન કપાસીનાં જન્મદિવસ નિમિત્તે ટ્રશેપ પ્રિસિઝન કાસ્ટિંગ્સ પ્રા.લિમિટેડ તરફથી ક્રીડાંગણના ૪૫ વિદ્યાર્થીઓને ૧૦-૧૦ નોટબુકની ભેટ આપવામાં આવેલ. ડૉ. શબીનબહેનની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમ સમયે સ્કાઉટના બાળકો દ્વારા શ્રી શબનમબહેનનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો.



• શિશુવિહાર સંસ્થાની ક્રીડાંગણ તાલીમનાં સંયોજક શ્રી નિર્મોહીબહેન ભટ્ટ દ્વારા ૫૦ તાલીમાર્થીઓને શ્રી વર્ષાબહેન જાની લિખિત ગુજરાતી વ્યાકરણ અંગેનું પુસ્તક ભેટ આપવામાં આવેલ છે.

**સંસ્થા પરિસરમાં તાલીમ માટે આવતા વિદ્યાર્થીઓ અને વડીલોનાં શ્રેયાર્થે સાધન સુવિધા આપનાર દાતાશ્રીઓનો સંસ્થા આભાર માને છે.**



શિશુવિહાર સંસ્થા તરફથી શ્રી ધીરુભાઈ ચૌહાણ સંચાલિત ટ્યુશન કલાસીસના જરૂરિયાતમંદ બાળકોને કપડાં ભેટ આપેલ છે. સંસ્થાગત પ્રયત્નોની સેવા હેતુને બળવત્તર કરતા નાગરિકોને શિશુવિહારની મદદ અનુકરણીય બને છે.

### શ્રદ્ધાંજલિ
### સ્વ. અમુલખભાઈ સંઘવી



શિશુવિહાર સંસ્થાની પ્રથમ ટુકડીના વિદ્યાર્થી અને સૌરાષ્ટ્ર રાજ્ય સમયની સંસ્થાની ખોખો, કબડ્ડી અને ક્રિકેટ ટીમનાં ઉજ્વળ ખેલાડી સ્વ.અમુલખભાઈ સંઘવી હવે આપણા વચ્ચે નથી. સંસ્થાના આજીવન સભ્ય અને શુભેચ્છક તરીકે સંસ્થા માટે સ્નેહ જાળવી રાખનાર રાજ્યના નિવૃત્ત ડે. કલેક્ટરશ્રી અમુલખભાઈના આત્માની ચિર શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના.



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
## સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 25,000.00 | શ્રી જયદેવભાઈ દીપકભાઈ ઉનડકટ | નેત્રયજ્ઞ સહાય (માર્ચ-૨૦૨૩) |
| 11,200.00 | શ્રી જગદીશભાઈ ભટ્ટ | આરોગ્ય સહાય |
| 11,000.00 | શ્રી કુસુબહેન વિનોદરાય શાહ | બાલમંદિર નાસ્તા સહાય |
| 5,000.00 | શ્રી માનવજ્યોત પબ્લિક ચે. ટ્રસ્ટ | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે. ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 5,000.00 | શ્રી ઈન્દાબહેન ભટ્ટ | મહિલા ઉત્કર્ષ |
| 5,000.00 | શ્રી પ્રિયવંદનાબહેન જોષી | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી ચંદ્રકાંત સેવાદાસ દિવાકર | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી નટવરલાલ રમણિકલાલ ચાંચડ | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી સુરમ્યભાઈ યશસ્વીભાઈ મહેતા | આરોગ્ય સહાય |
| 3,000.00 | શ્રી નીરવભાઈ એ. શાહ | પ્રકાશન સહાય |
| 2,500.00 | શ્રી ભુરખિયા હનુમાનજી ટ્રસ્ટ<br>હ. શ્રી જીવણભાઈ હકાણી | આરોગ્ય સહાય |



## શુભેચ્છકો લખે છે

### • શ્રી ઉદયભાઈ દેસાઈ (સાહિત્યકાર, અમરેલી)

આનંદાલય બુધસભાનાં શિક્ષકોનાં રાજ્ય વ્યાપી સંબોધનમાં ડૉ. નાનકભાઈએ શિશુવિહાર બુધસભાના પ્રારંભની સરસ વિગતોની સાથે-સાથે જ્ઞાનની આપ-લે દ્વારા માણસને કામઢો અને જવાબદાર બનાવે તેવા શિક્ષણની પ્રેરણાદાઈ વાતો શ્રી પ્રેમશંકરભાઈના ઉદાહરણ દ્વારા કરી એ ગમ્યું. ગુજરાતના મુઠી ઉચેરા શિક્ષકો દ્વારા ચાલતી આનંદાલય બુધસભાની સ્વાયત્તતાની ઝુંબેશ થકી આનંદાલયનો કામઢો અને જવાબદાર દરેક વ્યક્તિ ૪-૫ વિદ્યાર્થીઓને આવું શિક્ષણ આપવાનું કામ અને અમલ કરે તો પણ સારી સામાજિક અસર થશે. માળખાગત સ્વાયત્તતાને બદલે સ્વાયત્તતા એટલે જ્ઞાનની આપ-લે એમ સમજી બે-ત્રણ સરસ મોડેલ તૈયાર કરી બતાવીએ તે વિચાર ચિંતન પ્રેરે છે.

શિશુવિહાર સંસ્થાએ સ્વાયત્તતાને લઈને ૧૯૩૯થી જે પ્રયોગો કર્યા છે તે સ્વયં માર્ગદર્શક છે. સરકાર શિક્ષણમાં સ્વાયત્તતા આપે એટલે સ્વતંત્રતા આપે એવા અર્થઘટનથી દૂર કાંઈક નવી વિચારધારા મળી. આપ શિશુવિહારના માધ્યમથી આવી ઘણી બાબતો અવૈધિક શિક્ષણમાં મૂકો છો અને એમાંથી વ્યક્તિ જ્યારે બહાર આવે છે ત્યારે એક જવાબદાર નાગરિક



બનીને આવે છે અને લાઈફ સ્કિલ શીખી પોતાના અને સમાજનાં કલ્યાણનું કામ કરે છે. આ એક રાષ્ટ્રવાદ જ છે.

### • શ્રી જયેશભાઈ દવે (ગ્રુપ ઍડિટર-સૌરાષ્ટ્ર આસપાસ)

આજે અખબાર તૈયાર કરું છું, કોલમ અને લેખ લખું છું. આ યાત્રાને પણ ૩૦ વર્ષ જેવો સમય થઈ ગયો અને હવે તો સમાચારના શબ્દો જ પોતિકાં થઈ ગયા છે, પરંતુ એક સમય હતો, જ્યારે આ જ કલમથી કવિતા લખાતી. શિશુવિહાર સંસ્થાના મેગેઝિનમાં હાલ અગાઉના વર્ષોમાં પોતાના મુખપત્રમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલને પુનઃ પ્રકાશિત કરાઈ રહ્યા છે ત્યારે શિશુવિહારનાં જૂન માસનાં અંકમાં વાંચવા મળ્યુ અને યાદ આવી ગયું હું પણ ક્યારેક કવિતા લખતો. (અને, વળી સારી લખતો તેમ હું માનુ છું. અન્યથા કવિ વિનોદ જોશી જેવા નિર્ણાયક હોય ત્યારે વિજેતા ઘોષિત ન કરે) ૩૩ વર્ષ પૂર્વે, ૧૯૮૯ની આ સિદ્ધિ ફરી વાંચવા મળતાં આનંદ...

### • શ્રી રમેશભાઈ પારેખ (સાહિત્કાર-કવિ, અમરેલી સૌજન્ય- ફૂલછાબ દૈનિક તા.૧૫/૧૦/૨૦૦૦-ધૂપસળી)

ભાવનગરમાં દર બુધવારે કવિઓ અને કાવ્યરસિકો શિશુવિહાર સંસ્થાની નિશ્રામાં મળે છે અને કાવ્યગોષ્ઠિ કરે છે. આ પ્રવૃત્તિના પરિપાકરૂપે બુધવારિયાના કવિઓની કૃતિઓના 'નીરક્ષીર' નામે અગાઉ ત્રણ સંચયો થયા છે. ચોથો સંચય 'નીરક્ષીર-૪' તાજેતરમાં જ પ્રકટ થયો છે. આ પ્રવૃત્તિના પ્રોત્સાહક અને પ્રણેતા છે પીઢ સાહિત્યકાર, વિવેચક મુ. શ્રી તખ્તસિંહજી પરમાર, તેઓ પરમાર સાહેબના હુલામણા નામે સાહિત્યકારોમાં આદરણીય અને પ્રિય છે. પરમાર સાહેબે વર્ષો પહેલાં જૂનાગઢમાં મંગળવારિયું ચલાવેલું, તેમાં કાવ્યવાચન માટે આવતા કવિઓમાં સર્વ શ્રી રાજેન્દ્ર શુકલ, મનોજ ખંડેરિયા, શ્યામ સાધુ, વીરુ પુરોહિત ઈત્યાદિ હતા, જેમણે સમય જતાં ગુજરાતી કવિતામાં પોતાનું માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યુ. આનો યશ પરમાર સાહેબને આપવો પડે. શ્રી પરમાર સાહેબ કહે છે, આવી રીતે મળવાથી કવિતા લખતાં આવડે? ના, ન આવડે, પણ આવી સંસ્થા એક પ્રકારના વાડોલિયાનું, સુરક્ષણનું અને પોષણનું કામ કરે છે. ભાવનગરમાં કવિ શ્રી વિનોદ જોશી પણ બુધવારિયા સાહિત્ય પ્રવૃત્તિમાં સામેલ છે. 'નીરક્ષીર-૪' પુસ્તકના સંપાદકો છે, પ્રા. તખ્તસિંહજી પરમાર અને પ્રા. ડૉ. કવિ શ્રી વિનોદ જોશી. સંચયમાં એક સો પચ્ચીસ જેટલા કવિઓની કાવ્યરચના સમાવિષ્ટ થયેલી છે. શ્રી વિનોદ જોશી કહે છે, તે પ્રમાણે દર અઠવાડિયે એકત્ર થતા સાહિત્યના શબ્દસેવીઓ જે કંઈ શબ્દદ્રવ્યની લહાણી કરે છે. તેમાંથી ચૂંટીને અહીં કેટલુંક સમાવ્યું છે.

બધું ઉત્તમ છે તેવું નથી પણ બુધસભામાં રજૂ થયેલ કૃતિઓનો પ્રામાણિક અણસાર છે. એનાં લેખાંજોખાં નીરક્ષીરભાવે જ કરવાનાં હોય.
'નીરક્ષીર-૪' કાવ્યસંચયમાં ઉર્દૂ રચના છે, હઝલ પણ છે, હાયકુ પણ ખરાં જ. ગીત, ગઝલ અને અછાંદસ પણ ઘણાં છે. અહીં પાપા પગલી કરતા કાવ્યપ્રેમીના ઉદ્‌ગારોથી માંડી નીવડેલા સર્જકોની કૃતિઓ પણ છે. બુધવારિયામાં રાજકારણના અગ્રણી એવા શ્રી શક્તિસિંહ ગોહિલ જેવા પણ જોડાય એટલું જ નહીં, કૃતિ પણ લખે, જે લાંબી યાત્રાના ખેડાણની જણસ બને છે.

**• શ્રી નાથુભાઈ પ્રજાપતિ (વડોદરા)**

ગરીબ બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય એ માટેના અવિરતપણે સરાહનીય પ્રયત્નો જારી રાખવા બદલ શિશુવિહાર સંસ્થાને અભિનંદન. ભારત સરકારના માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા નાગરિક અભિવાદનમાં મળેલ રકમને સંસ્થા વંચિત વિદ્યાર્થીઓના શિક્ષણ માટે ઉપયોગમાં લે તે નોંધપાત્ર છે. શિક્ષકોના સામાજિક ઉત્તરદાયિત્વની ભાવનાને વધુ વ્યાપક રીતે સમાજ વચ્ચે આચરણમાં મૂકીને પ્રતિબદ્ધતા દાખવવાનું સાચુકલુ કામ તો શિશુવિહારની કર્મભૂમિથી જ શક્ય છે.

**• શ્રી ઈલાબહેન મહેતા (અધ્યક્ષ ઝંકાર સાહિત્ય મંચ, વડોદરા)**

વર્ષોથી ચાલી આવતી પરંપરા એટલે શિશવિહારમાં થતી વડ સાવિત્રીની પૂજા. સાવ નાનપણથી આ જોયુ છે અને માણ્યુ છે. નાના હતા ત્યારે આ પૂજા પૂરી થાય એટલે પ્રસાદ મળતો અને પછી ઝાડ ઉપર ચડીને ખાવાની મજા પણ લીધી છે. વર્ષોથી આ જોયેલું છે. આજે તો એ પૂજા કરાવનાર અને કરવાવાળાની પણ પેઢીઓ બદલાઈ ગઈ છે. ચોથી પઢી આવી ગઈ! સહુને અભિનંદન.

**• શ્રી સીતારામભાઈ જાદવ (પૂર્વ કર્મચારી ઍક્સેલ ઈન્ડસ્ટ્રિઝ, ભાવનગર)**

શિશુવિહાર સંસ્થા એટલે સ્વ. પૂજ્ય માનભાઈ ભટ્ટના મનમંદિરનું જીવંત આંગણું. શ્રોફ પરિવારના વડીલજનોએ આપેલ સંસ્કાર વારસાને, ઉદાત્ત ભાવનાથી આગળ વધારી રહેલા શ્રી દીપેશભાઈ શ્રોફ જ્યારે નિવૃત્તિ પછી પણ ઍક્સેલની કર્મભૂમિને પોતાના જીવનની મુખ્ય ધરા તરીકે માનપૂર્વક યાદ કરનારા મેનેજમેન્ટના અધિકારી, ઓફિસરો અને કર્મચારી બંધુઓને આનંદ સાથે શિશુવિહારમાં મળ્યા. ત્યારે એકબીજાના પ્રસન્ન ચિત્ત ચહેરા ઉપર હજુ પણ જે ઉત્સાહ અને ઉમંગ જોવા મળેલ તે યાદગાર બની રહેશે. સૌ માટે આ મુલાકાત આનંદ ઉત્સવ ભર્યા સ્નેહમિલનની બની રહી. આ માટે શ્રી દીપેશભાઈ શ્રોફ, શ્રી નાનકભાઈ ભટ્ટ, શ્રી રોબર્ટભાઈને ધન્યવાદ.



**• શ્રી દેવચંદભાઈ સાવલિયા (મેનેજિંગ ટ્રસ્ટી વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ)**

પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદી દ્વારા બગસરામાં યોજાયેલ કાર્યકર તાલીમમાં આપ સૌ શિશુવિહાર સંસ્થાના કાર્યકરોના માર્ગદર્શન બદલ આપનો આભાર. અમને સૌને ઘણું નવું શીખવા સમજવા મળ્યુ એનો અમોને રાજીપો છે. આપ સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ. સ્વૈચ્છિક સંસ્થા તરીકે પરસ્પરના ટેકા રૂપ બનવાની ભાવના અનુકરણીય છે.

**• શ્રી જાસ્મીનભાઈ ભટ્ટ (બાળ કેળવણીકાર, ભાવનગર)**

અમુક બાળકોને નાનપણથી જ નબળી પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હોય છે. ઘણાં બાળકો એવાં છે કે જેને પૂરતું જ્ઞાન નથી મળતું. આવાં બાળકોને મળવાનું થયું ત્યારે અંદરથી જ તેઓ પ્રત્યે એક અલગ લાગણીઓ ઉભરાઈ આવી. ઘણાં બાળકોની પરિસ્થિતિ ખરાબ હોય છે ત્યારે શિશુવિહાર સંસ્થા દ્વારા બાળકોનાં સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેમજ બાળકોને આ પ્રવૃત્તિની સાથે સાંજે ત્યાં નાસ્તો પણ આપવામાં આવે છે, જે પ્રશંસનીય કામગીરી છે. આ કાર્યમાં મને બોલાવી અને બાળકો સાથે થોડો સમય રહેવાનો અને અલગ અલગ વાતો કરવાનો મોકો મળ્યો ઉપરાંત મારું અભિવાદન થયું તે બદલ હું શિશુવિહાર પરિવારનો આભાર.

**• શ્રી જે. જે. જરીવાલા (સેફટી ઑફિસર, ઍક્સેલ)**

શ્રી હરેશભાઈ ભટ્ટ સાહેબ જિંદગીના લગભગ ૭૫ વર્ષ પછી પણ યુવા જેવી જીવનશૈલી, નિર્દોષ હાસ્યથી ભરપૂર સ્વભાવ, સંસ્કાર અને રાષ્ટ્ર પ્રેમ વધારનારી પ્રવૃત્તિઓ, શિક્ષણ અને સમાજ ઉત્કર્ષની નીતિ મત્તા, ધર્મ પ્રત્યેની સાચી સમજણ, ઉપરાંત અનેક વિષયો પરનું જ્ઞાન, મદદરૂપ થવાની માનવીય વૃત્તિ, સાદગી પૂર્ણ જીવનના આગ્રહી. બચપણથી લઈને આજસુધી જ્ઞાનવર્ધક છતાં મનોરંજક અનુભવોનું પુસ્તક તૈયાર થઈ જાય એટલું ભાથું તેમની પાસે છે. જેઓનું કંપનીમાં અને સમાજમાં ઉત્કૃષ્ટ યોગદાન રહ્યું છે, તેવા હરેશભાઈને સન્માન સાથે આદરપૂર્વક નમન.





# સ્વરાજ્યની શાળા શિશુવિહાર

## વર્ષ ૧૯૮૯માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ) ભાગ-૨



### જૂન

• **શ્રી જમુભાઈ દાણી સન્માન સમારંભ:** ભાવનગરના આંગણે શ્રી હરિભાઈ ચૌહાણ છેલ્લાં બે વરસથી ગુજરાતના જાણીતા કવિ શ્રી નાથાલાલ દવેના નામે શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિનું સન્માન કરીને તેને પુરસ્કાર અપાય છે. ૧૯૮૭ના વર્ષનો પ્રથમ પુરસ્કાર આપણાં સમર્થ ગઝલકાર કવિ કિસ્મત કુરેશીને અપાયો હતો. ૧૯૮૮નો બીજો પુરસ્કાર તા.૩ જૂન ૮૯ના રોજ શ્રી જમુભાઈ દાણીને અપાયો.

શિશુવિહાર બુધસભા: શિશુવિહારમાં દર બુધવારે સાંજે ૭ વાગે સાહિત્ય રસિકોની બુધસભા મળે છે. દર અઠવાડિયે, કવિઓ, લેખકો, વિવેચકો અને સાહિત્ય પ્રેમીઓ ભેગાં મળે છે. પોતપોતાની કૃતિઓ રજૂ કરીને અવનવા સર્જનોને આનંદ માણે છે. તેનું સંચાલન ગુજરાતીના જાણીતા પ્રાધ્યાપક અને વિવેચક શ્રી તખ્તસિંહજી પરમાર કરે છે. ખૂબ જ નિયમિત અને નિષ્ઠાપૂર્વક ચાલતી બુધસભામાં સિદ્ધ સાહિત્યકારો તથા નવોદિત સાહિત્ય સર્જકો એકબીજાને પ્રેરણા આપતા રહે છે. બુધસભા સૌને માટે ખુલ્લી છે. કાવ્યમાં અને સાહિત્યમાં રસ હોય તેને દર બુધવારે અગર કોઈપણ બુધવારે આવવાનું આમંત્રણ છે.

### જુલાઈ

• **સુવર્ણ જયંતીનો સાદ:** શિશુવિહારની સુવર્ણ જયંતી સંસ્થાના જૂના વિદ્યાર્થીઓના દિલમાં અનેક સંસ્મરણો જગાડે તે સ્વાભાવિક છે. શિશુવિહારમાં ગાળેલા વિદ્યાર્થી જીવનના સોનેરી દિવસો યાદ કરીને કેટલાક ભાઈઓના પત્રો પણ આવતા રહે છે. તેમાંનાં એક બે પત્રો નમૂનારૂપે રજૂ કરીએ છીએ.

• દુબઈથી અવિનાશ વોરા લખે છે, પૂજ્યભાઈ શિશુવિહારની સુવર્ણ જયંતિના સમાચાર વાંચી આનંદ થયો. ૨૫ વરસ પહેલાના દિવસો એટલાજ તાજા છે, જાણે હમણાં જ બધી ઘટનાઓ બની હોય. ૧૫મી ઑગસ્ટની સવાર, ઉનાળાની શિબિરો અને મિત્રો સાથે મળીને થતાં સ્વયંપાક. શિશુવિહાર મારા માટે માત્ર રમવાનું મેદાન નહોતું, પરંતુ કોઈ અલૌકિક બંધન હતું. જીવનની પાઠશાળા હતું. તમારા પત્રથી આજકાલની દુનિયાની જંજાળમાંથી ઊડી અપૂર્વ આનંદ અનુભવ્યો.

• ભાવનગરના ભાઈ મધુસુદન (રણજીત) દેસાઈ કવિશ્રી પ્રહલાદ પારેખના કાવ્યની લીટી યાદ કરી લખે છે.

'મને એ સાદ કરે છે રે' કવિને કાવ્યમાં, ભણતી વખતે દૂરની ડુંગરમાળ સાદ કરતી સંભળાય છે તેમ સાંજે શાળામાંથી ઘરે આવીએ ત્યારે દૂરથી શિશુવિહાર યાદ કરતું હોય એવું લાગતું. દફતર ફેંકી સીધા ક્રીડાંગણમાં પહોંચી જઈએ. શિશુવિહાર સાથે નાનપણથીજ સ્નેહથી સાંકળ બંધાયેલી. અમારા માટે ઘર અને શાળામાં લદાયેલી અણગમતી શિસ્તને સ્થાને અહીં એક અનોખા પ્રકારની મોકળાશ હતી. વાતાવરણમાં જ રૂપાળી હૂંફ હતી.

• **ચક્ષુદાન-રક્તદાન-દેહદાન:** જૂન માસમાં બાર પુણ્યાત્માઓનાં ચક્ષુદાન મળ્યાં છે. આ સાથે શિશુવિહારને અત્યાર સુધીમાં ૧૧૧૩ જોડી ચક્ષુદાન મળ્યાં છે. આ પુણ્ય પ્રવૃત્તિમાં ભાવનગરને સૌથી આગળ રાખનારા પરોપકારી દાતાઓનો આભાર.

• **રક્તદાન:** જૂન માસમાં સર તખ્તસિંહજી સિવિલ હૉસ્પિટલના દરદીની સારવારમાં જરૂર પડતાં શ્રી મધુકાંત વી. શાહે પોતાનું ૩૦૦ સી.સી. લોહી આપેલ છે. ભાઈશ્રી મધુકાંતે અત્યાર સુધીમાં ૨૪ વખત રક્તદાન કરેલ છે. અભિનંદન. રક્તદાન અંગે શિશુવિહારના અથાક પ્રયત્નો અને પ્રચારને લીધે ભાવનગરમાં સારી જાગૃતિ આવેલ છે. સિવિલ હૉસ્પિટલના દરદીઓને લોહીની જરૂર પડે ત્યારે તેના કુટુંબીજનો તથા સ્નેહીઓ સ્વૈચ્છિક રક્તદાન કરતાં થઈ ગયા છે.

• **દેહદાન:** મે માસમાં પુણ્યાત્મા સ્વ. મણિલાલ ધુડાભાઈ અંધારિયાનું તથા જૂન માસમાં પુણ્યાત્મા સ્વ. કંચનબહેન રમાનાથ જાનીનું દેહદાન મળેલ છે. આ સાથે શિશુવિહાર સંસ્થાને અત્યાર સુધીમાં મળેલ દેહદાનની સંખ્યા ૧૩૨ ની થઈ છે. મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે તથા સંશોધન માટે મે માસનું દેહદાન જામનગરની એમ.પી.શાહ મેડિકલ કૉલેજને તથા જૂન માસનું દેહદાન કરમસદની પ્રમુખ સ્વામી મેડિકલ કૉલેજને મોકલી આપેલ છે. જે સંસ્કારી કુટુંબીજનોએ સ્વર્ગસ્થની ઈચ્છાનુસાર દેહદાન આપેલ છે. તેઓના આભાર. દેહદાન કરી જનાર બંને પુણ્યાત્માઓને પ્રભુ પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના છે.

• **બુધસભા:** શિશુવિહારની બુધસભામાં ગુજરાતના ખ્યાતનામ ગઝલકાર

કવિ શ્રી કિસ્મત કુરેશીની ૧૯૮૯માં લખાયેલી ૪૬ ગઝલો તથા ૧૪ રાષ્ટ્રીય ગીતોની પુસ્તિકાનું વિમોચન જાણીતા કવિ શ્રી નાથાલાલ દવેના વરદહસ્તે બુધવાર તા.૨૬ જૂનના રોજ થયું. આ મેળવડાના પ્રમુખ સ્થાને શ્રી તખ્તસિંહજી પરમાર હતા. શિશુવિહારના સ્વજન સમા શ્રી કિસ્મતભાઈનું બુધસભામાં આ પાંચમાં પ્રકાશનનું વિમોચન થયું. ઘણાં વરસો પહેલાં તેની 'નાચનિયા' અને 'નકીબ' વાર્તાની બે પુસ્તિકા પણ સંસ્થાએ પ્રગટ કરી હતી. આજ સુધીમાં કિસ્મતભાઈના ૨૪ જેટલાં પ્રકાશનો પ્રગટ થયા છે.

'નવાજિશ' પુસ્તિકા ભાવનગરના ઉત્તમ સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસના સ્થાપક શ્રી શાંતિલાલ છોટાલાલ પરીખના સંસ્કારી પરિવારને અર્પણ કરીને કિસ્મતભાઈએ આ કુટુંબ સાથેનો પોતાનો વર્ષો જૂનો નાતો વધુ ગાઢ બનાવ્યો છે. પુસ્તકનું છાપકામ અત્યંત સુંદર અને આકર્ષક છે. ચિત્રકાર શ્રી અજિત પંડયાએ મુખ પૃષ્ઠને સરસ શણગાર્યું છે. પુસ્તકની કિંમત રૂ.૧૦ છે. કિસ્મતભાઈ ભાવનગરના વતની છે. તેથી 'નવાજિશ'ની એક ગઝલ ભાવનગરના વતનીઓને અર્પણ કરવાનું મન થાય છે મારા શહેર નામની આ ગઝલમાં કવિ લખે છે.

**મારું કોઈ નથી રહ્યું મારા શહેરમાં,**
**સઘળું અજાણ્યું થઈ ગયું મારા શહેરમાં.**

વતનના આવા કડવા અનુભવના વધુ આઠ શેરો લખ્યા પછી છેલ્લા શેરમાં કવિ લખે છે.

**કિસ્મત થઈ શકયુ તે મેં કર્યુ ઘણાયનું,**
**કોઈએ ન મારું કંઈ કર્યુ મારા શહેરમાં**

ભાવનગરના ગૌરવ સમા કવિ કિસ્મતભાઈની વેદનાને વાચા આપતા આ કાવ્યમાં સાહિત્ય સર્જકો પ્રત્યેના આપણા આદર-માનનો અભાવ દેખાય છે. બુધસભા આ ઊણપ દૂર કરવા યથાશકિત પ્રયત્ન કરે છે.

• ૧૯૭૬થી શરૂ થયેલ શિશુવિહારના સંગીત વર્ગમાં વરસો વરસ આવી ઝળહળતી સિદ્ધિ મેળવવા બદલ સંગીત વર્ગના વિદ્યાર્થી ભાઈ-બહેનોને તથા ખાસ કરીને સંગીત વર્ગના આદર્શ સંચાલક શ્રી દર્શકભાઈ ઓઝાને હાર્દિક અભિનંદન.

• **રમકડાં ઘરઃ** મે માસમાં શ્રી બજરંગદાસ બાપા રમકડાં ઘરની સભ્ય સંખ્યા ૩૦ અને બાળ પુસ્તકાલયની સભ્ય સંખ્યા ૩૩ની હતી. ઉનાળાની રજામાં બહારગામથી આવેલાં ઘણાં વાલીઓ પોતાના બાળકને રમકડાં ઘર બતાવવા આવ્યા હતા.

જૂન માસમાં રમકડાં ઘરની સભ્ય સંખ્યા ૨૫ની હતી. ૨૦૮ રમકડાં



રમાયા હતા. બાળ પુસ્તકાલયની સભ્ય સંખ્યા ૩૩ની હતી. ૫૨૮ પુસ્તકો વંચાયા. આ માસમાં દર શુક્રવારે બાળકોને વાર્તા કહેવાનો તથા રમતો રમાડવાનો કાર્યક્રમ પણ રાખેલ.

• **ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટઃ** નિરપેક્ષતા: નિરપેક્ષ ભકત ભગવાનને પ્રિય છે. સંસારમાં પણ નિરપેક્ષ માણસ સૌને ગમે છે. સંસારી કે સાધુ, જોગી કે ભોગી, તપસી અને ત્યાગી જે નિરપેક્ષ હોય તે સૌને માટે સુખકર હોય છે. માનસિક શાંતિ માટે આ ગુણ અનિવાર્ય છે. દ્વંદ્વનાં જોડકાં હંમેશા સાથે જ રહે છે. આશા નિરાશા, રાગદ્વેષ, માન અપમાન આ બધાં પરસ્પર, જોડાયેલાં હોય છે. જ્યાં અપેક્ષા ત્યાં ઉપેક્ષા હોય છે. ઉપેક્ષાની વ્યાધિમાંથી છૂટવા માટે નિરપેક્ષતા આશીર્વાદરૂપ છે.

પ્રભુ દયાળુ છે. જેવું માગે તે આપે છે. સંસારના સુખની ઈચ્છા થાય તે સુખ મળે છે. પણ સંસારી સુખની હાલની જેમ બે બાજુ છે. ધન, ધાન્ય, સગા, સબંધી, માન, અપમાન, મોટાઈ, આ બધાની ઈચ્છા કરનારને પ્રભુ તે આપે છે, પણ તે સુખની સાથે દુ:ખને આવકારવાનું રહે છે. સંસારી સુખ-દુ:ખને આવકારવાનું રહે છે. સંસારી સુખ-દુ:ખને આવકારવાનું રહે છે.

સંસારી સુખ દુખ બંને મિત્રો છે. તે પરસ્પર જોડાયેલાં છે. એક વિના બીજું આવતું નથી. કોઈ માતાને સાત પુત્રોમાં એકાદ પાગલ હોય, એકાદ વ્યસની હોય એમ પણ બને અને ત્યારે સાત પુત્રના સુખની કરતાં પાગલ પુત્રનું દુ:ખ વધારે લાગે તે સહેવું વસમું લાગે. ધનવાન થવાની ઈચ્છા થાય તો ધન મળે પણ ધનથી કુટુંબોમાં અનેક દુર્ગુણો આવે, પ્રમાદ વધે, વ્યસનો આવે, કુસંપ વધે આવા કુલક્ષણો પણ ધનની સાથે આવે છે. એટલે ઈચ્છા અને અપેક્ષામાં દુ:ખના મૂળ રહેલાં છે. નિરપેક્ષ માનવ સદા સુખી રહે છે. લિ. ભાગીરથી મહેતા

**ઑગસ્ટ**

• સુર્વણ જયંતિનો સાદ: શિશુવિહારની સુર્વણ જયંતીના વર્ષમાં માતૃસંસ્થાને યાદ કરીને જૂના વિદ્યાર્થીસ ભાઈ-બહેનોના પત્રો આવે છે. અને બધા આ નાનકડી પત્રિકામાં થોડો ભાગ અહીં રજૂ કરેલ છે.

• મહીધારથી જાણીતા ગ્રામ સેવક અને કેળવણીકાર શ્રી અનિલભાઈ ભટ્ટ લખે છે.

પૌત્રી કૂજન કાનમાં આવીને કહે છે, દાદા! ચાલોને શિશુવિહાર નાની કુંજનને શિશુવિહારનું એવું શું ઘેલું લાગ્યું હશે? વિચારું છું ને મારા બાળપણમાં સરી પડું છું. શાળા પૂરી થયે ઘરે આવી નાસ્તો કરી

શિશુવિહાર પહોંચી જતા બસ રમતો રમતા. રમવાની મજા આવતી. કેટલાક દિવસોથી મને તાવ આવતો હતો. પણ સાંજે ૫:૩૦ વાગે તાવ ઉતરી જતો અને શિશુવિહારમાંથી પાછા આવ્યા પછી ફરી શરૂ થતો. કેમ આમ થતું હતું. તે ખબર નહોતી, પણ આજે દેખાય છે કે મન જ્યાં રસ, આનંદ, તૃપ્તિ અનુભવે ત્યાં શારીરિક માંદગી રોકાઈ જાય છે. આવું મજબૂત મન અને કસાએલું પોતાના પર કાબુવાળી ઈન્દ્રિયોથી સજ્જ શરીર બનાવવાનો કસબ શિશુવિહારે શીખવ્યો.

• જાણીતા પત્રકાર <u>શ્રી ઈન્દુભાઈ ચાતુર્વેદીના પુત્રી શીલાબહેન અમદાવાદથી લખે છે.</u>

શિશુવિહાર સંસ્થાને જેટલા નમસ્કાર કરું એટલા ઓછા છે. મારા જીવન ઘડતરમાં માતા પછીનું સ્થાન શિશુવિહાર સંસ્થાનું છે. અમે બાળપણમાં જે કાંઈ શીખ્યા છીએ તે જીવનમાં ડગલે પગલે ઉપયોગી થાય છે. તેમાંએ સ્કાઉટિંગની તાલીમથી તો જીવનની કોઈ મુશ્કેલીનો અનુભવ થતો જ નથી. અમારો વીરબાળાનો નિયમ મુશ્કેલીમાં પણ ઉલ્લાસના ગીત ગાવ એ હંમેશા યાદ આવે છે.

• **શિશુવિહારનો મધ્યાંતરઃ (ડૉ.નાનકભાઈ ભટ્ટ-વડોદરા)** શિશુવિહાર સંસ્થાએ પોતાના કાર્યકાળના ૫૦ વર્ષ પૂરા કર્યા. આપણે પરિવારજનો ૨૦૪૫ ના વર્ષને સુવર્ણ-જ્યંતી વર્ષ તરીકે ઉજવી રહ્યા છીએ.

આજથી ૫૦ વર્ષ પહેલાનો એટલે કે ૧૯૩૯ નો સમય સ્વરાજ્યની ચળવળનો ઉત્કૃષ્ટ કાળ હતો. ગાંધીજીના પડયા બોલને ઝીલી તમામ ક્ષેત્રે યુવકો રચનાત્મક કામો સાથે સંકળતા એ સમયે શ્રમજીવીઓના જીવનના સર્વાંગી વિકાસના ખ્યાલમાથી આનંદ મંગળ મંડળ અને પછીથી શિશુવિહારની પ્રવુત્તિનો વિકાસ થયો. ગ્રામ સફાઈ, શિક્ષણ, રમત-ગમત, શેરી નાટકો અને પ્રભાત ગાનની પ્રવૃત્તિઓ શ્રમજીવીઓના નિજાનંદ સાથે જનજાગૃતિ માટેનુ કાર્ય બન્યુ હતું. ગરીબ લોકોના વિકાસ માટે હુન્નર,સમાજની ગતિમા કંઇક અંશે પાછળ રહી જતા લોકો માટે સ્વાસ્થ્ય અને શિક્ષણ અંગે જાગૃતિને નવજાગરણની શ્રમિક પ્રવૃત્તિના હાદસમાન આ જ્યોત ધીરેધીરે અનેક કાર્યકર્તાઓના દિલ સુધી પથરાઇ અને એક પરિવાર તરિકે ઘણા કુટુંબોએ શિશુવિહારને મહેકતુ કર્યું.

આપણે સહુ સુવર્ણુ-જયંતીના ઉત્સવના ભાગીદાર થવાને આજે ઉગમભેર મોજુદ છીએ. પરંતુ આપણામાના અનેકોના માતા-પિતા, વાલી,મિત્રો,કુટુંબંજનોએ શિશુવિહારનાવિકાસમા ઈંટોં પૂરી હશે, વાડબાંધી હશે,જેની સ્મૃતિ કોઇ પુસ્તકમા ન હોવા છતા શિશુવિહારના વાતાવરણમા મોજુદ જોવા મળ છે. તે સૌને આપણાથી કેમ ભુલી શકાય?



૫૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન શિશુવિહાર પરિવારે પાર વિનાની પ્રવૃત્તિઓ હાથ ધરી છે. આ તમામ પ્રવૃત્તિઓ મોટાભાગે સેવા, જીવનઉપયોગી શિક્ષણ, વ્યવસાયલક્ષી તાલીમ, સાંસ્કૃતિક પ્રચાર કે પ્રસારને લગતી કામગીરી કરી રહી છે. સમયની ચાળવણીમાં પસાર થતાં થતાં સંસ્થાના પ્રાગણમાં આજે ૩૨-૩૫ પ્રવૃત્તિઓ કાયમી સ્વરુપે સ્થપાઈ અને આવતી કાલના નાગરિકોના ઘડતરમા ફાળો આપી રહી છે.

આપણા રાષ્ટ્રને સ્વરાજ્ય આપવાની ધગશમાંથી વિકસેલી આ રચનાત્મક પ્રવૃત્તિના મધ્યાંતરે જોઈ શકાય કે શિશુવિહાર સંસ્થાએ ભાવનગર શહેર અને તેના નાગરિકોનુ ઘડવામાં સિમાચિહ્ન ભૂમિકા ભજવી છે. જે આપણે સહુ આપણી જીવન પુસ્તિકાને વાંચતા અનુભવી શકીએ છીએ, પરંતુ ઉપખંડ જેવા આ વિશાળ રાષ્ટ્રના ઘડતર માટે અનેક શિશુવિહારની જરૂરત રહે છે. આથી સેવા શિક્ષણ, તાલીમ અને સાંસ્કૃતિક ઘડતરની શિશુવિહારની કાર્ય પદ્ધતિને બહુજન હિતાય બહુજન સુખાયના વિચારથી વિસ્તારવાની જરૂરત રહે છે.

એટલું જ નહી, પરંતુ આઝાદી ટાણે લોકોને સંગઠિત કરી, નવી માહિતીઓથી સજ્જ કરીને પગભેર કરવાની યોજનાઓ કાર્યવંત થયેલી તેનું સ્વરૂપ આઝાદી પછીના ૪૦ વર્ષો બાદ બદલાયું છે. આજે માહિતીઓની પ્રાપ્તિ સુલભ બની છે. શહેરમાં રહેતાં લોકોની પ્રાથમિક જરૂરિયાતો મદદઅંશે સંતોષાઈ છે. અક્ષરજ્ઞાન અને સ્વાસ્થ્યની કાળજી સુલભ બની છે. આમ છતાં વિકાસનો પ્રવાહ સંતુલિત જણાતો નથી. પ્રાકૃતિક સ્ત્રોતના અનિયમિત ઉપભોગનાં કારણે આજે કુદરતી આફતો વધતી ચાલી છે. શહેરીકરણની પ્રક્રિયાની બહાર રહી ગયેલાં ગ્રામ્ય મહિલા અને બાળકોની સ્થિતિ વિષમ બની છે. તદઉપરાંત આપણી ખામી યુક્ત બજાર વ્યવસ્થાના કારણે શ્રમિકોને પોતાની મહેનતનું વળતર મળતું નથી. સ્વતંત્ર ભારતના વિકાસની પ્રક્રિયાની આડપેદાશ તરીકે ઊભા થયેલા ક્ષેત્રો ઉપર કાર્યવાહી હવે જરૂરી બની જાય છે.

શિશુવિહારની ૫૦ વર્ષની કાર્યનિષ્ઠા, સામાજિક પ્રતિષ્ઠા અને લોક વિશ્વાસની મૂડીને હવે પરિવારના શક્તિ સંગઠન સાથે આપણે ગામડાં ભણી જઈએ. સુવર્ણ જ્યંતિ પ્રસંગે આનંદ મંગળની જ્યોતને અનેક શ્રમિકોના પ્રાંગણમાં લઈ જઈ તેને વધુ ઓજસ્વી બનાવીએ અને અંત્યોદયના વિચારને વેગવાન કરીએ. જેથી રાષ્ટ્રની વિકાસ કૂચમાં શિશુવિહાર એક નવી મશાલ સાથે કદમ મિલાવી શકે અને દૂરદૂરના સ્થળે બેઠેલા દેશનાં અસંખ્ય પરિવારો પોતાની આસપાસ એક સોહામણું શિશુવિહાર રચી શકશે. આ

રીતે શિશુવિહારની પ્રવૃત્તિ જો ગામડે-ગામડે પહોંચશે તો એની અર્ધશતાબ્દીનું વર્ષ સાચા અર્થમાં મધ્યાંતર સાબિત થઈ પૂર્ણતા તરફ આગળ વધશે.

• **પ્રભુકૃપા નેત્રયજ્ઞ:** આ વખતના ૨૬મા પ્રભુકૃપા નેત્રયજ્ઞના યજમાન અને મુખ્ય દાતા ખેડા જિલ્લામાં આવેલ વસો ગામના શ્રી ડી. એમ અમીન છે. તેઓએ પોતાના પરમપૂજ્ય માતાપિતાના સ્મરાર્થે આ નેત્રયજ્ઞ માટે રૂ.૨૫૦૦૦૦ની માતબર રકમનું દાન મોકલી આપેલ છે. તેઓશ્રીનો હાર્દિક આભાર.

• **ચક્ષુદાન-સ્વર્ગની સીડી:** પરોપકારની કિંમત રૂપિયા પૈસામાં ન ગણી શકાય. તેમ છતાં રાષ્ટ્રીય ધોરણે માન્ય ગણતરી મુજબ એક ચક્ષુદાનની કિંમત એક લાખ રૂપિયા ગણાય. ચક્ષુદાનમાં મળેલી એક આંખ વડે જો એક અંધજનને દેખતો કરી શકાય તો અંધાપા પાછળ દેશને કરવો પડતો સરેરાશ રૂ.૫૦ હજારનો ખર્ચ ઓછો થાય છે. બે આંખો વડે બે અંધજનો દેખતા થાય તો એક લાખ રૂપિયાની બચત થઈ ગણાય.

**સપ્ટેમ્બર**

**ધન્ય દિવસ-ધન્ય પ્રસંગ:** સંસ્થાના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે રવિવાર તા.૩-૯-૮૯ના રોજ શિશુવિહારના નવા જૂનાં વિદ્યાર્થીઓ કાર્યકર્તાઓ તથા શુભેચ્છકો સ્નેહમિલનનો યાદગાર ઉત્સવ ઉજવાયો. તેમાં પોતાની માતૃ સંસ્થાની ૫૦મી જન્મજયંતિ ઉજવવા ભેગા થયેલા ભાઈઓ તથા બહેનોના માતાને ખોળે રમતાં શિશુ જેવો અનેરો ઉત્સાહ અને આનંદ અવર્ણનીય હતો. સાવરે નવ વાગે આવીને તરત તો એક કલાક ચા-નાસ્તો અને જૂના મિત્રોને મળવાની અને સંસ્મરણો તાજા કરવાના સ્વૈરવિહારની મઝા સૌએ માણી જૂના મિત્રો એકબીજાને ખૂબ ઉમળકાથી ભેટીને મળ્યાં.

પહેલી સભા દસ વાગે થઈ. તેમાં પ્રાર્થના અને શિશુવિહારનું ગીત ગવાયા પછી સૌ પ્રથમ જેઓ આજ સુવર્ણ જયંતીના સ્નેહમિલનમાં ભાગ લેવા હયાત નથી, પરંતુ પાયાના પત્થર બનીને તન મન ધનથી નિષ્કામ ભાવે સંસ્થાની સેવા કરી ગયા છે તેવા શ્રમજીવી મિત્રો, ઉદારદિલ દાતાઓ અને સદ્‌ભાવી સભ્યો તથા શુભેચ્છકોને હૃદયપૂર્વક યાદ કરી તેઓને શ્રદ્ધાંજલિ આપીને બે મિનિટ મૌ પ્રાર્થના કરી. ત્યારે ઘણાંની આંખમાંથી આંસુ ટપકેલાં. પછી સૌનું સ્વાગત થયુ. આમ તો બધા પોતાની માતૃ સંસ્થામાં એટલે પોતાને ઘરે જ આવ્યા ગણાય.

સંસ્કારદાતા માતા અને સારા સંસ્કાર ઝીલીને જીવનમાં તેનું આચરણ કરનાર દીકરા-દીકરીઓ મળે ત્યારે જ સ્વાભાવિક કુટુંબ મેળો



જામે તેમાં ઔપચારિક સ્વાગત વિધિને શું સ્થાન હોય? અંતરનો આનંદ એજ મોટું સ્વાગત હતું. દીકરા-દીકરીઓ માતાને મળે ત્યારે એકજ વિચાર હોય કે અમે અમારી માતૃસંસ્થા માટે શું કરી છૂટીએ? સૌની વચ્ચે બેઠેલા સંસ્થાના સ્થાપક ૮૩ વર્ષના યુવાનોન શરમાવે તેવા જાજરમાન વડીલ શ્રી માનભાઈની આંખોના અમીનું સ્વાગત બધાને આવકારી રહ્યું હતું.

શ્રી માનભાઈએ શિશુવિહારની સ્થાપા કેવી રીતે થઈ અને તેમાં કેવા કેવા શ્રમજીવી મિત્રોએ, દાતાઓએ અને શુભેચ્છકોએ સહાય કરી તેની દિલચસ્પ વાતો કરી. સંસ્થાના જૂના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે સંસ્થાની સ્થાપના અને વિકાસની સાહસભરી વાતો બહુ રસપ્રદ બની. કાદવમાં કમળ ઉગે તેમ જમનાકુંડની ગંદકીમાં કાળી મહેનત મજૂરી કરીને શિશુવિહારની જમીન કેવી રીતે મેળવી અને કેળવી તેની વિગતવાર વાતો સંસ્થાના સાચા વારસદાર જેવા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ખૂબ રસપૂર્વક શાંતિથી સાંભળી. પછી સંમેલનમાં આવેલા. ભાઈ-બહેનોના આગવી શૈલીમાં પોતપોતનો ટૂંકો પરિચય આપ્યો. દોઢ વાગે સૌ જમવા ગયા. જમતી વખતે પણ સૌ એકબીજાને હળી મળી શકે તેવા હરતા ફરતા ભોજનની બુફેની વ્યવસ્થા કરી હતી. આજે સૌ પંગતમાં બેસી રહેવું કોઈને ફાવે તેમ નહોતું. તેથી જમતી વખતે પણ હળવા-મળવાનો સારો મોકો મળ્યો. મંડપ નીચેની ખુરશીઓમાં અને ઝાડવાની છાયામાં બુફે ભોજનની મઝા સૌએ માણી. પછી બપોરે ત્રણ થી ચાર સંસ્થાની રંગભૂમિના મોટા માંડવા નીચે બેસીને સૌએ ગીતાની રમઝટ બોલાવી. શિશુવિહારના જૂના ગીતો સૌ ગાતા જાય અને નાચતા પણ જાય. રંગ જામ્યો. માંડ માંડ સૌને ચા-પાણી માટે મોકલ્યા. કેમ કે પછી ચાર વાગે બીજી બેઠક મળવાની હતી.

બીજી બેઠકમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાના સંસ્મરણો કહેવાના હતા. એ બધા સ્મરણમાં શિશુવિહારની આગવી છાપ ઉઠતી હતી. એ સંસ્મરણોમાં માત્ર પ્રસંગોજ નહોતા, પણ સંસ્થાનો પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સાચો પરિચય પણ હતો. છેવટે શ્રી અરુણભાઈ ભટ્ટે ટૂંકા પ્રવચન સાથે અને મંગળ ધૂન સાથે સંમેલનની પૂર્ણાહુતી કરી. મોડી સાંજ સુધી માતૃ સંસ્થાનો ખોળો ખુંદવા આવેલા ભાઈ-બહેનોએ રાસ ગરબા લીધા. તેમાં રાસ-ગરબાના હિલોળા સાથે સંસ્થા પ્રત્યેના હેતના પણ હીલોળા હતાં. સંસ્થાને આંગણે આવા ધન્ય દિવસનો ધન્ય પ્રસંગ ઉજવાઈ ગયો. કુટુંબ મેળો થાય ત્યારે સૌ મળે એજ એની ફળશ્રુતી છે.

# શિશુવિહાર પ્રકાશિત પ્રાપ્ય પુસ્તકોનું સુચિપત્ર

| પુસ્તક | ₹ કિંમત | પુસ્તક | ₹ કિંમત |
|---|---|---|---|
| ૧. તંદુરસ્તી તમારા હાથમાં (ગુજરાતી-હિન્દી) | ૧૫=૦૦ | ૨૧.ડિપ્રેશનને જાણો | ૧૫=૦૦ |
| ૨. બાલમંદિરમાં ગવાતાં ૧૦૧ ગીતો | ૧૫=૦૦ | ૨૨.બાલ આરોગ્ય સુત્રો | ૨=૦૦ |
| ૩. પુરૂષાર્થ પાઠાવલી | ૧૦=૦૦ | ૨૩.શિશુવિહાર સંકલ્પ યાત્રા | ૨૫=૦૦ |
| ૪. મા તે મા | ૧૦=૦૦ | ૨૪.માનવજીવન અને પ્રાકૃતિક સારવાર તથા માટીનાં ઉપચારો | ૧૦=૦૦ |
| ૫. સીવણ સમજૂતી | ૪=૦૦ | ૨૫.લક્ષ્મણ જેવો ભાઈ | ૧૫=૦૦ |
| ૬. વસિયતનામાની અગત્યતા | ૧૫=૦૦ | ૨૬. આયુર્વેદનું અધ્યાત્મ | ૧૫=૦૦ |
| ૭. વીજળી અને વપરાશ | ૧૦=૦૦ | ૨૭.બાબુનું બાળપણ | ૨૫=૦૦ |
| ૮. પુત્રીજન્મ શુભેચ્છ કાર્ડ | ૫=૦૦ | ૨૮.અધિકૃત ભાવોદ્ગાર | ૨૫=૦૦ |
| ૯. ડાયાબિટીસ - મધુપ્રમેહ | ૧૫=૦૦ | ૨૯.ગુજરાતમાં બુનિયાદી શિક્ષણની સદી સંદર્ભ બદલાવ, દશા અને દિશા | ૨૦=૦૦ |
| ૧૦.ચાલો ગાઈએ | ૧૫=૦૦ | ૩૦.જાહ્નવી | ૩૫=૦૦ |
| ૧૧.શિશુવિહારના વડલાની વાતો | ૧૫=૦૦ | ૩૧.નિરક્ષીર | ૫૦=૦૦ |
| ૧૨.હાથે લ હૈયે મીણ | ૫૦=૦૦ | ૩૨.આંખની સંભાળ | ૧૦=૦૦ |
| ૧૩.બાલ આરાધના સુખ એટલે દિલોજાન દોસ્ત | ૧૨=૦૦ | ૩૩.પ્રવૃત્તિ શિક્ષણ | ૩૦=૦૦ |
| ૧૪.શિક્ષણ પરિસ્થિતિ અને ઉપચાર | ૨૦=૦૦ | ૩૪.અધ્યાત્મ અને વૃદ્ધાવસ્થા | ૪૦=૦૦ |
| ૧૫.વ્યવહારૂ સુચન (૯૯ સુચન) | ૧૦=૦૦ | ૩૫.શુભેચ્છકો લખે છે | ૨૫=૦૦ |
| ૧૬.અવૈધિક શિક્ષણની મહાશાળા | ૧૦=૦૦ | ૩૬.ચિદાનંદ | ૧૫=૦૦ |
| ૧૭.સાઈકલ સંભાળ | ૧૦=૦૦ | ૩૭.સૌની સેવામાં માનભાઈ | ૧૦૦=૦૦ |
| ૧૮.ડિઝાસ્ટર મેનેજમેન્ટ | ૨૫=૦૦ | ૩૮.વૃક્ષનાં પાનાની રંગોળીનું કેલેન્ડર | ૧૦૦=૦૦ |
| ૧૯.શતાબ્દી પુસ્તિકાનો સેટ(૧૦ બુક) | ૨૦=૦૦ | ૩૯.આકાશદર્શન | ૨૦=૦૦ |
| ૨૦.સૌના ભાઈ માનભાઈ | ૫૦=૦૦ | 40. _OXag_hmOZ | 30-૦૦ |

## અમૃત મહોત્સવ વિચારયાત્રા પુસ્તક સંપુટ : ૭

કિંમત રૂા. ૫૦૦/-

૧. શબ્દામૃત
૨. બાલોપનિષદ
૩. શિક્ષણ-દિશા અને દિશા
૪. માણસાઈની પગદંડી
૫. રાષ્ટ્રવિકાસની દીવાદાંડી
૬. બાલ-ગીતા ભાગ-૧/૨



## શિશુવિહાર સંસ્થા અને તેમની પ્રવૃત્તિ સંબંધે મહાનુભાવોના પ્રતિભાવ

માનભાઈનો શિશુવિહાર નામનો પ્રયોગ સમસ્ત રાષ્ટ્રને માર્ગદર્શન પૂરું પાડે તેમ છે. શિશુવિહાર અનૌપચારિક કેળવણીની અનોખી વિદ્યાપીઠ બનવા પામી છે. માનભાઈની હૈયાઉકલત, કોઠા ડહાપણ અને અંતઃસ્ફૂરણાએ આ સંસ્થાનું ઘડતર કર્યું છે.

**પ્રા. જયેન્દ્રભાઇ ત્રિવેદી (ઑક્ટોબર ૧૯૮૭)**

ગુજરાતમાં બે માનભાઇ નથી. એક જ છે અને તેમણે બાવડાનાં બળે બાળકો, વૃદ્ધો અને કામ શોધનારનું કામ કર્યું છે. તે બીજે કયાંય નહિ મળે.

**મનુભાઇ પંચોળી (દર્શક) (એપ્રિલ ૧૯૯૭)**

માનદાદાનું જીવન એટલે વેદ અને લોકનાં બે કિનારા વચ્ચે વહેતુ ફકીરનું જીવન. ગીતાના યજ્ઞોને ચરિતાર્થ કરતો હાલતો ચાલતો પુણ્ય શ્લોક એટલે માનદાદા. સમાજે કોઈને ચમત્કારથી સંતનું બિરૂદ નથી આપ્યુ; એનાં ચરિત્રથી સન્માન આપ્યું છે. આવા ચરિત્રવાન સંત એટલે માનદાદા.

**મોરારિબાપુ (જાન્યુઆરી ૨૦૦૩)**

પોશાકમાં ખાદીની ચડ્ડી અને ખાદીના સદરાની સાદગી આજીવન સ્વીકારનાર માનભાઈનાં વસ્ત્રો પણ સર્વ ધર્મ સમભાવનો સંદેશો આપતા.

**સ્વામી સચ્ચિદાનંદજી (ઑગષ્ટ ૨૦૦૬)**

શિશુવિહાર અને માનભાઈની કાર્યશૈલી વ્યકિતનું ઘડતર કરી સમાજને સજ્જ કરવા પ્રત્યે કેન્દ્રિત રહે છે. આ વાત સ્વરાજ્યની કલ્પના સમયે ગાંધીજીએ મૂકેલી. હવે નવા સમય સાથે આ પદ્ધતિને વૈશ્વિક બનાવીએ.

**કાંતિસેન શ્રોફ (જાન્યુઆરી ૨૦૧૦)**

મારી પ્રજાનું કલ્યાણ હજો તેવુ કહેનાર મુલ્યવાન રાજવી કૃષ્ણકુમાર સિંહજી ધન્યતાને પાત્ર છે. આજે મુલ્યોની ગરીબી વ્યાપી છે ત્યારે શિશુવિહાર જેવી સંસ્થા ગરીબ બાળકોના ઘડતરનું તપ આદર્યુ છે. એ ભગવત કાર્ય જ છે.

**રમેશભાઇ ઓઝા (ઓગષ્ટ ૨૦૧૧)**

શિશુવિહાર સંસ્થાના સ્થાપકોએ સમાજ માટે થઇને ખૂબ દુઃખ વેઠયું તો આજે ભાવનગરથી રકતદાન, ચક્ષુદાન, દેહદાનનો વિચાર સમગ્ર દેશને મળ્યો. મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ આપેલ ખાડો અથાગ પરિશ્રમથી સમતળ બનાવ્યો તો આજે શિશુવિહારમાં લાખો બાળકો આનંદ કિલ્લોલ કરવા આવે છે.

**પ્રેમશંકરભાઇ ભટ્ટ (માર્ચ ૨૦૧૪)**

પૂજ્ય માનભાઈ ભટ્ટ નકકી કરેલાં ધ્યેય ઉપર ચાલવાનો શકિત ધરાવતા અને ધ્યેયપ્રાપ્તિ સામે આવતા વિરોધનો સામનો કરી શકે તે માટેની શકિત અને હિંમત તેમનામાં ભરપુર હતી. માનભાઈમાં સચોટ દિશા, દ્રષ્ટિ અને દ્રઢ મનોબળ હતા અને તે પ્રમાણે તેઓ ધ્યેય તરફ આગળ વધતા નિઃસ્પૃહી રહી શકતા. માનભાઈનું વ્યકિતત્વ સફળ, નીડર અને પરોપકારી હતું. માનભાઈમાં સ્વાર્થવૃત્તિ કયાંય જોવા મળતી નહી. શિશુવિહાર સંસ્થાના વ્યાપનો મોટાભાગનો યશ પૂજ્ય માનભાઈને આપી શકાય.

**જ્ઞાનજીવનદાસજી મહારાજ, સ્વામિનારાયણ મંદિર, કુંડળ ધામ (જાન્યુઆરી ૨૦૨૨)**

# શિશુવિહાર સંસ્થા
## હવે આ ડિજિટલ પ્લેટફોર્મ પર

- Shishuvihar Bhavnagar (Facebook)
- Shishuvihar Bhavnagar (YouTube)
- Shishuvihar (Instagram)
- Shishuvihar (Play Store)
- www.shishuvihar.in



## શિશુવિહાર સંસ્થા-ભાવનગર

પબ્લિક ટ્રસ્ટ રજી. નં. એફ/૬, સોસાયટી રજી.નં.પર/ગુજરાત

**સામાન્ય સભા**

શિશુવિહાર સંસ્થાનાં તમામ સભ્યોની વાર્ષિક સામાન્ય સભા આગામી તારીખ: ૨૧ ઑગસ્ટ ૨૦૨૨ રવિવારે ૧૦:૩૦ કલાકે શિશુવિહાર કાર્યાલયમાં યોજાશે. નીચે જણાવેલ બાબતે મળનાર સભામાં તમામ સભ્યશ્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા ખાસ નિવેદન છે.

### ★ સામાન્ય સભાની કાર્યસૂચિ ★

(૧) ગત સામાન્ય સભા તા.૧૮ જુલાઈ ૨૦૨૧(રવિવાર)ની મિનિટ્સ વંચાણે લઈ મંજૂર કરવી. (૨) સદ્‌ગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપવી. (૩) સંસ્થાનાં વર્ષ ૨૦૨૧-૨૨ના ઑડિટેડ હિસાબો મંજૂર કરવા.(૪) સંસ્થા ઑડિટરને ૧ વર્ષ માટે નિયુક્ત કરવા બાબત. (૫)પ્રમુખશ્રીની મંજૂરીથી જે કંઈ રજૂ થાય તે.

ડૉ.નાનકભાઈ ભટ્ટ
માનદ્‌મંત્રી, શિશુવિહાર

☞ ખાસ નોંધ ☜

૧.કોરમના અભાવે મુલતવી રહેલી સભા એ જ સ્થળે અડધા કલાક પછી ફરી મળશે.
૨.ઑડિટેડ હિસાબ જોવા ઈચ્છતા સદસ્યે તારીખ ૧૦/૮/૨૨થી કાર્યાલયના સમયે સાંજના ૫:૦૦થી ૭:૦૦ મંત્રીને વિનંતી કરવાથી જોઈ શકશે.

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar (Facebook) | Shishuvihar Bhavnagar (YouTube)
Shishuvihar (Instagram) | Shishuvihar (Play Store)

પરામર્શ સમિતિ
સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડ્યા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA